60 Glorious Years
Model for Rural Development

# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું વૃત્તપત્ર
વર્ષઃ ૨૬ અંકઃ ૨ ઑગસ્ટ ૨૦૧૫ અષાઢ-શ્રાવણ ૨૦૭૧ સળંગ અંકઃ ૨૫૦

વિશ્વવિદ્યાલય વિશેષ ૪
'વિભાગ'વૃત્ત ૬
'મહાવિદ્યાલય'વૃત્ત ૮
'અધ્યાપક'વૃત્ત ૧૨
'વિદ્યાર્થી'વૃત્ત ૧૪
'લોક'વૃત્ત ૧૫

## સ્વાતંત્ર્યદિનની ઉજવણી





૧૫મી ઓગસ્ટ ૨૦૧૫ના રોજ સવારે ૮.૩૦ કલાકે સરદાર પટેલ યુનિવર્સિટી મુખ્ય કાર્યાલયના પ્રાંગણમાં ભારતના ૬૯મા સ્વાતંત્ર્યદિનની ઉજવણી યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢ દ્વારા ધ્વજવંદનથી કરવામાં આવી હતી. આ પ્રસંગે કુલપતિશ્રીએ પોતાના પ્રસંગોચિત વક્તવ્યમાં સૌ અધ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને આ રાષ્ટ્રિય પર્વની મુબારકબાદી પાઠવીને પ્રશ્ન કર્યો હતો કે આઝાદીના આટલા વર્ષો બાદ આપણે ખરેખર સ્વાતંત્ર્યનો અર્થ સમજ્યા છીએ ખરા? આ પર્વે આપણું શું કર્તવ્ય હોઈ શકે? સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પણ સ્વાતંત્ર્ય પર્વની ધ્વજવંદન દ્વારા ઉજવણી થઈ હતી.

## સાંકળિયું


| | | |
|---|---|---|
| ૧. | સંપાદકીય | ૧ |
| ૨. | વિશ્વવિદ્યાલય વિશેષ | ૪ |
| ૫. | ‘વિભાગ’વૃત્ત | ૬ |
| ૪. | ‘મહાવિદ્યાલય’વૃત્ત | ૮ |
| ૬. | ‘અધ્યાપક’વૃત્ત | ૧૨ |
| ૭. | ‘વિદ્યાર્થી’વૃત્ત | ૧૪ |
| ૮. | ‘લોક’વૃત્ત | ૧૫ |


## સંપાદક મંડળ


પરમ પાઠક

દિનેશ કારીઆ

ઉજ્જ્વલ ત્રિવેદી

હેમન્ત દવે

મનીષ સોલંકી

ધર્મેન્દ્ર મિસ્ત્રી

અર્પિત પાટડિયા

જહોન પી. પરમાર

નિલેશ શાહ

પૃષ્ઠવિન્યાસઃ સુરેશ પટેલ


## સંપાદકીય નીતિ

‘શીલ શ્રુતમ્’ સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું વૃત્તપત્ર (ન્યૂઝ લેટર) છે.

યુનિવર્સિટી સાથે સંકળાયેલી શૈક્ષણિક સંસ્થાઓ, એમાં કાર્યરત શૈક્ષણિક, બિનશૈક્ષણિક કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓના સમાચાર શીલ શ્રુતમ્માં આવકાર્ય છે.

શીલ શ્રુતમ્ એપ્રિલથી જૂન મહિનાને બાદ કરતાં પ્રતિ માસ ૧૫મી તારીખે પ્રગટ થાય છે. શીલ શ્રુતમ્માં પ્રકાશન અર્થે મોકલવાની સામગ્રી પરમ પાઠક, IQAC, સરદાર પટેલ યુનિવર્સિટીને અંકપ્રસિદ્ધિના પંદર દિવસ પૂર્વે મોકલવી. એ પછી આવેલી સામગ્રીનો વિચાર આગામી અંકમાં થશે.

સામગ્રી બને ત્યાં સુધી ટાઇપ કરીને મોકલવી; હસ્તલિખિત સામગ્રીમાં હસ્તાક્ષર સુવાચ્ય હોવા અનિવાર્ય છે. મહત્ત્વપૂર્ણ ઘટના/પ્રસંગના ફોટોગ્રાફની હાર્ડ કોપી મોકલવી, સોફ્ટકોપી નહીં.

શીલ શ્રુતમ્ માટે સમાચાર જે તે સંસ્થાના લેટર પેડ પર, જવાબદાર વ્યક્તિના સહીસિક્કા સાથે સંસ્થાના વડા દ્વારા મોકલવાના રહેશે.

શીલ શ્રુતમ્માં પ્રગટ થતાં સમાચાર કે અન્ય સામગ્રીની પસંદગી બાબતે સંપાદક મંડળનો નિર્ણય આખરી ગણાશે.


શીલ શ્રુતમ્માં પ્રગટ થતાં સર્વ લખાણો, ચિત્રો, ફોટો કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રકાશિત થયા બાદ યુનિવર્સિટી આ સામગ્રીને કોઇપણ સ્વરૂપે પુનર્મુદ્રિત કરી શકે છે.


શીલ શ્રુતમ્માં પ્રગટ થતાં લખાણોમાં વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.



# સંપાદકીય

## વિશ્વવિદ્યાલયો, સંશોધનો અને શિક્ષણ

વર્તમાન ભારતમાં જ્ઞાનસર્જન અને વ્યાપક સામાજિક હિતના સંદર્ભે વિશ્વવિદ્યાલયોની ભૂમિકા અને પ્રવૃત્તિઓ અંગે નવેસરથી અને ગંભીરતાથી વિચાર કરવાની ફરજ પડે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. વિશ્વવિદ્યાલયોની સંશોધન પ્રવૃત્તિઓ વિશેના તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા આધારભૂત વૈશ્વિક સર્વેક્ષણમાં ભારતનાં વિશ્વવિદ્યાલયોનું સ્થાન સાવ નીચે આવેલું હોવાનું જણાયું છે. આના પરિણામે શિક્ષણજગતના તજ્જ્ઞો અને હિતેચ્છુઓમાં ફરી એકવાર વિશ્વવિદ્યાલયોની વિદ્યાકીય અને સંશોધનાત્મક પ્રવૃત્તિઓ વિશે ચર્ચા આરંભાઈ છે. આપણું વિશ્વવિદ્યાલય પણ 'વૈશ્વિક વિશ્વવિદ્યાલય વ્યવસ્થા'નો જ એક ભાગ હોઈ આ મુદ્દો આપણને પણ એટલો જ સ્પર્શે છે.

સાંપ્રત સમયમાં જોવા મળતાં વિશ્વવિદ્યાલયોનાં આદર્શ સ્વરૂપ અને તદનુરૂપ પ્રવૃત્તિનાં મૂળ પ્રશિયા(Prussia)ના વિચારક વિલ્હેલ્મ ફોન હુમ્બોલ્ટ(Wilhelm von Humboldt)ની શિક્ષણ-વિચારણામાં રહેલાં છે. ઈ.સ. ૧૮૧૦માં બર્લિન વિશ્વવિદ્યાલયની સ્થાપના આ વિચારકની શિક્ષણમીમાંસામાંથી થઈ હોવાથી વિશ્વવિદ્યાલયના આ પ્રતિમાનને 'હુમ્બોલ્ટશાઈ પ્રતિમાન' (Humboldtian Model) તરીકે પણ ઓળખવામાં આવે છે. ત્યારબાદ સમયાંતરે આ જ પ્રતિમાન યુરોપના દેશોએ અને પાછળથી અમેરિકાએ પણ અપનાવ્યું. પ્રથમ વિશ્વયુદ્ધ સુધીમાં જર્મન વિશ્વવિદ્યાલયો શ્રેષ્ઠ વિશ્વવિદ્યાલયો તરીકે જગન્માન્ય બન્યાં. આ પ્રતિમાનના કેન્દ્રમાં 'સંશોધન ઉપર મહત્તમ ભાર મૂકતી શિક્ષણવ્યવસ્થા' હતી, જેમાં વિદ્યાર્થીના સુવાંગ ઘડતર માટે શિક્ષણ અને સંશોધનનો સુમેળ સાધવા ઊપર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. આ પ્રતિમાનના અનુકરણમાં સમયાંતરે શિક્ષણ કરતાં સંશોધનને વધુ, બલ્કે અનાવશ્યક, મહત્ત્વ અપાયું. પરંતુ સ્વયં ફોન હુમ્બોલ્ટના મતે સંશોધન એ શિક્ષણમાં સહાયક અને ઉપકારક બાબત હતી. જર્મનીમાં પણ ફક્ત સંશોધનપ્રવૃત્તિને જ કેન્દ્રમાં રાખતી વિશ્વવિદ્યાલય શિક્ષણપદ્ધતિ તો બહુ પાછળથી અસ્તિત્વમાં આવી. વર્તમાન ભારતીય વિશ્વવિદ્યાલય શિક્ષણપદ્ધતિ પણ મહદ્અંશે આ જ પ્રતિમાનથી પ્રભાવિત છે જ્યાં સંશોધનને શિક્ષણનું અનિવાર્ય અંગ માની લેવામાં આવ્યું છે. આ જ કારણથી ભારતીય વિશ્વવિદ્યાલયોમાં શિક્ષણ (teaching), સંશોધન (research), અને વિસ્તરણ (extension) એમ ત્રિ-સ્તરીય (three-tier) વ્યવસ્થાનું નિર્માણ થયું.

વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (University Grants Commission) દ્વારા વિશ્વવિદ્યાલયોમાં સંશોધન પ્રવૃત્તિને વેગ આપવાના હેતુથી વિશેષ સહાય કાર્યક્રમ (Special Assistance Programme), સંશોધન સહાયતાપ્રાપ્ત વિભાગ (Departmental Research Support), વિશેષ સહાયતાપ્રાપ્ત વિભાગ (Department of Special Assistance) પ્રગત અધ્યયન કેન્દ્ર (Centre of Advanced Study) જેવી વિવિધ યોજનાઓ હેઠળ માતબર અનુદાનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં. સંસ્થાકીય સ્તરની આ સહાય ઉપરાંત અધ્યાપકીય સ્તરે પણ સંશોધનપ્રવૃત્તિને અગ્રિમતા આપવા માટે લઘુ અને બૃહદ સંશોધન પ્રકલ્પ (Minor & Major Research Project) યોજના હેઠળ ખાસ આર્થિક સહાય આપવા ઉપરાંત સંશોધનકાર્યને અધ્યાપકોની બઢતી સાથે પણ જોડી દેવામાં આવ્યું. આના પરિણામે અધ્યાપકોને પોતાની કારકિર્દીના વિકાસ માટે, એમનું એ દિશામાં રુઝાન (aptitude) ન હોવા છતાં સંશોધનકાર્ય કરવાની ફરજ પડી. સંશોધનને અધ્યાપકોની બઢતીપ્રક્રિયા સાથે અને વિશ્વવિદ્યાલયોના મૂલ્યાંકન સાથે જોડી દેવાના કારણે મોટે ભાગે તો એ અંગકસરતનો એક નમૂનો જ બનીને રહી જવા પામ્યું છે. પશ્ચિમી જગતની અગ્રિમ કહેવાતાં, અથવા તો કહેવાતાં અગ્રિમ (Harvard/Standford/Brown/Cornell જેવાં) વિશ્વવિદ્યાલયોમાં સ્થાપિત 'પ્રકાશન અથવા પ્રણાશ' (Publish or Perish)નો માપદંડ આપણે ત્યાં પણ ઝાઝું વિચાર્યા વિના લાગુ પાડવાને કારણે બઢતી પ્રક્રિયાના ભાગરૂપે ભરવાનાં થતાં નિયત અરજીપત્રકો (API Format)માં 'ખાનાપૂર્તિ માટે જ સંશોધન' એ વૃત્તિને જન્મ મળ્યો. આજે પરિસ્થિતિ એવી છે કે અધ્યાપકો વર્ગખંડોમાં તાસ લેવા કરતાં બઢતી-પ્રક્રિયામાં ઉપકારક એવી કહેવાતી સંશોધન પ્રવૃત્તિમાં પરોવાઈ-પલોટાઈ ગયા છે. તદ્ઉપરાંત આ સંશોધન પ્રવૃત્તિ વર્ગખંડમાં અપાતા શિક્ષણ સાથે અને જીવાતા જીવન સાથે સુસંગત હોય એવું તો ભાગ્યે જ બને છે. પરિણામે 'વિદ્વાન અધ્યાપકો' (scholar-professors) તો મળ્યા પણ 'સમર્પિત શિક્ષકો' (dedicated teachers) તો ઉત્તરોત્તર ઘટતા ગયા. એટલું જ નહીં, વર્ગશિક્ષણ જાણે કે બિનઉપયોગી-બિનઉપજાઉ છે અને સંશોધનપ્રવૃત્તિ

સ્વયંસિદ્ધ ઉચ્ચતર પ્રવૃત્તિ છે એવી મનોવૃત્તિનું નિર્માણ થયું જેને લીધે 'શિક્ષણના ભોગે સંશોધન'(research at the expense of teaching)નું મહિમામંડન થયું. વિશ્વવિદ્યાલયોની ભૂમિકા શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ એ ક્રમમાં છે, પણ કમનસીબે આ ક્રમ સંશોધન, વિસ્તરણ અને શિક્ષણ એમ ઉલટો કરી દેવાયો છે.

આમ સંસ્થાકીય અને વ્યક્તિગત એમ બન્ને સ્તરે નાણાંકીય સહાય થકી સંશોધનપ્રવૃત્તિઓને કેન્દ્રસ્થાને સ્થાપવાના પ્રયાસો થવા છતાં અને એનું સંખ્યાત્મક (ગુણાત્મક નહીં!) પ્રતિબિંબ આવા પ્રકલ્પોમાં પડવા છતાં તાજેતરનું સર્વેક્ષણ એ બાબત ઉઘાડી કરી આપે છે કે બધું જ જેવું દેખાય એવું નથી.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં રાષ્ટ્રીય મૂલ્યાંકન અને પ્રત્યાયન પરિષદ (National Assessment and Accreditation Council - NAAC) દ્વારા બહેતર પ્રદર્શન માટે એવા એકાશ્મ અને એકરંગી (monolithic and monocrome) માપદંડો સૂચવવામાં આવ્યા જેમાં વિશ્વવિદ્યાલયોની સ્થાનિક-શૈક્ષણિક-સામાજિક ભૂમિકાના મહત્ત્વને નજરઅંદાજ કરવામાં આવી છે. આની સૌથી વિઘાતક અસર ભારતના અંતરિયાળ (hinterlands) અને ગ્રામીણ (rural) વિસ્તારોમાં ઉચ્ચશિક્ષણના પ્રચાર-પ્રસાર માટે સ્થપાયેલાં વિશ્વવિદ્યાલયો પર પડી છે. આપણા વિશ્વવિદ્યાલયની જ વાત કરીએ તો એની સ્થાપના એક ગ્રામીણ (ગ્રામ્ય નહીં!) વિશ્વવિદ્યાલય તરીકે થઈ હતી. એના પાયામાં ચરોતરના ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓ સુધી ઉચ્ચ શિક્ષણનો લાભ પહોંચાડી ગ્રામીણ જગતનો ઉત્કર્ષ (Rural Upliftment through Education)નો ઉદ્દેશ રહેલો છે. દુર્ભાગ્યે ઉપર જણાવેલાં પરિબળોની સીધી અસર હેઠળ સંશોધન પ્રવૃત્તિને ઉત્તેજન આપવાના ઉત્સાહને કારણે આ ઉદ્દેશ ક્યાંક પાછળ રહી જવા પામ્યો છે. પરિણામે 'બાવાનાં બેય બગડ્યાં' જેવો ઘાટ થયો છેઃ ન ઉત્કૃષ્ટ કક્ષાનું સંશોધન પ્રાપ્ત થયું, ન વર્ગશિક્ષણ પર જરૂરી ધ્યાન આપી શકાયું.

દેખીતી રીતે જ આ આખી દડમજલમાં સૌથી વધુ નુકસાન વિદ્યાર્થીનું થયું છે જેને આધુનિક બજારવાદના આ દૌરમાં 'student as consumer' કહેવાનું ચલણ છે. આ આપણી શિક્ષણપદ્ધતિનો આંતરિક વિરોધાભાસ છે. આપણા વિશ્વવિદ્યાલયમાં ગ્રામીણ વિસ્તારના આર્થિક-સામાજિક રીતે નબળા વર્ગોમાંથી આવતા વિદ્યાર્થીની પ્રાથમિક જરૂરિયાત શિક્ષણ છે. આપણા જેવા ગ્રામીણ વિશ્વવિદ્યાલયે શિક્ષણની તાકીદની જરૂરિયાતને સમજીને, જ્યારે આપણે આપણા વિશ્વવિદ્યાલયની સ્થાપનાની હીરકજયંતી ઉજવી રહ્યા છીએ અને એમાં 'ગ્રામીણ વિકાસનું પ્રતિમાન' (Model for Rural Development) તરીકે આપણા વિશ્વવિદ્યાલયને પ્રસ્તુત કરી રહ્યા હોઈએ ત્યારે, શિક્ષણ, સંશોધન અને વિસ્તરણના ત્રિવિધ આયામ વચ્ચે સામંજસ્ય અને સમતોલન સાધીને નિરામય પરિસ્થિતિનું નિર્માણ કરવું રહ્યું.

આપણા વિશ્વવિદ્યાલયની મુલાકાતે આવેલ NAAC સમિતિના અધ્યક્ષે એમના સમાપન વક્તવ્યમાં વાજબી જ કહ્યું હતું કે 'Teaching is a duty, while research is a hobby'. વર્ગશિક્ષણના ભોગે સંશોધનપ્રવૃત્તિને ઉચ્ચાસને સ્થાપતી આપણી નીતિ ઉપર માર્મિક કટાક્ષ કરતાં કવિ પારુકાંત દેસાઈ કહે છે કેઃ

पढ़ाना तो मामूली टीचरों का काम है
मैं तो हिन्दी जगत में
अनुसंधाताओं का अम्बार लगाने आया हूँ
कोई ताज्जुब नहीं
गर एक दिन
हिन्दी का पीएच.डी. प्रायमरी में 'सर्विस' करने लगे।
इसका श्रेय भी मुझे ही होगा
कि बड़े बड़े विद्वान शिशु-सुलभ हो जायेंगे!
सुनीए, जी सुनीए, मैं हिन्दी का प्राध्यापक हूँ।

ઉપરોક્ત પંક્તિઓમાં 'હિન્દી'ની જગ્યાએ બીજા કોઈપણ વિષયનું નામ મૂકીએ તો પણ એમાં વ્યક્ત થતો વિચાર એટલો જ યથાર્થ ઠરે છે.

– મનીષ સોલંકી અને હેમન્ત દવે

**SARDAR PATEL UNIVERSITY**

***"Sheel Shrutam" Subscription Form***

***(Please fill in the details in CAPITAL LETTERS only)***

Name : ______________________________

Department/College/Institution : ______________________________

Degree : ______________ Year/Semester : ______________

______________
Signature

**Category:** ☐ Student ☐ Teacher

☐ Institution ☐ Others / Professional

*Please tick your choice:*

| **Yearly** | **Life Time** |
|---|---|
| ☐ Student Rs 50/- | ☐ Teacher/Employee Rs 1000/- |
| ☐ Five Yearly Rs 200/- | |
| ☐ Institute Rs 200/- | |
| ☐ Other Rs 75/- | ☐ Institute/Other Rs 2000/- |

Life Time Subscription for overseas:

☐ US $ 200/- ☐ € 150/- ☐ £ 150/-

Mailing Address : ______________________________

______________________________

______________________________

Pin Code : ______________

Mobile No. ______________ E-mail: ______________

(Photocopy of this form can also be used.)

All the students, employees/teachers of Sardar Patel University and affiliated colleges are reqested to subscribe to our University's newsletter "Sheel Shrutam". For subscription purpose, please contact - **Shri Sanjay Dubhas, Room. No. 220, General Section, Sardar Patel University, Vallabh Vidyanagar**.

# વિશ્વવિદ્યાલય વિશેષ

- **અલમ્નાઇ એસોસિએશન ઓફ સરદાર પટેલ યુનિવર્સિટી (પૂર્વ છાત્રસંઘ)**, વલ્લભવિદ્યાનગર:

  અલમ્નાઇ એસોસિએશન ઓફ સરદાર પટેલ યુનિવર્સિટી (પૂર્વ છાત્રસંઘ)ની પ્રથમ સાધારણ સભા તારીખ ૧૩-૭-૨૦૧૪, સોમવારે બપોરે ૪.૦૦ કલાકે સરદાર પટેલ યુનિવર્સિટીના જ્ઞાનોદય ભવનમાં મળી હતી. આ સભામાં ૪૫ સભ્યો હાજર રહ્યા હતા.

  પૂર્વ છાત્રસંઘની રચના કરવાનો હેતુ અને તે અંગેની વિગતવાર માહિતી કાર્યકારી કુલસચિવે અને આઈક્યુએસીના સહસંયોજક ડૉ. એન. વી. શાસ્ત્રીએ આપી હતી.

  સભાના પ્રમુખ તરીકે ડૉ. મોહનભાઈ સી. પટેલની સર્વાનુમતે વરણી થતાં સભાનું અધ્યક્ષસ્થાન તેઓએ સંભાળ્યું હતું. આ સભામાં મેમોરેન્ડમ ઓફ એસોસિએશનનાં ધારાધોરણોની ચર્ચા કરવામાં આવી હતી. સદર સંઘની કારોબારી સમિતિની રચના સર્વાનુમતે કરવામાં આવી હતી તેમજ સને ૧૯૫૦ના પબ્લિક ટ્રસ્ટ અંતર્ગત ચેરિટી કમિશનરશ્રીની કચેરીમાં નોંધણી કરાવવા તથા તે અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે કારોબારી સમિતિને સત્તા આપવાનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

- અનુસ્નાતક આંકડાશાસ્ત્ર વિભાગને યુજીસીના સ્પેશ્યલ આસિસ્ટન્સ પ્રોગ્રામ (SAP) અંતર્ગત ડિપાર્ટમેન્ટલ રિસર્ચ સપોર્ટ - II (DRS-I to DRS-II) કાર્યક્રમ માટે તા ૧-૪-૨૦૧૫ થી ૩૧-૩-૨૦૨૦ સુધી રૂ. ૮૨.૦૦ લાખનું અનુદાન આપવામાં આવ્યું છે તેમજ બે પ્રોજેક્ટ ફેલો નીમવાની મંજૂરી પ્રાપ્ત થઈ છે.

- અનુસ્નાતક હિન્દી વિભાગમાં ડૉ. દિલીપકુમાર કે. મહેરાની પ્રોફેસર તરીકે નિમણૂક થઈ છે.

- ડૉ. નિલેશ વી. શાહ, ઈન્ચાર્જ આચાર્યશ્રી, શ્રી પી. એમ. પટેલ કોલેજ ઓફ લો એન્ડ હ્યૂમન રાઈટ્સ, આણંદની કાયદાશાસ્ત્ર વિદ્યાશાખાના અધ્યક્ષ (ડીન) તરીકે ૫-૫-૨૦૧૫થી ત્રણ વર્ષ માટે નિમણૂક કરવામાં આવી છે.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.એન. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેરામેડિકલ એન્ડ સાયન્સમાં ડૉ. બબીતા અકિલ સૈયદ (બબીતા ત્યાગી)ની આચાર્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- The Agro-Economic Research Centre of Sardar Patel University had organized a Training Workshop on "Field Data Collection and Data Imputing in New Record Types (RTs) & FARMAP Computer Software", for the technical/field staff of Cost of Cultivation Scheme. The Cost of Cultivation Scheme at AERC collects the data on cost of cultivation and production of selected crops from around 600 farmers of different parts of Gujarat. This data is used by the Directorate Economics and Statistics, Ministry of Agriculture, Government of India, for the recommendation of Minimum Support Prices (MSP) of selected agricultural commodities. In view of this, the above mentioned workshop has important in the process of price fixation.

  **Dr. Mahesh Pathak**, Former Chairman, Agriculture Prices Commission and presently Hon. Adviser of AERC, inagurated the training workshop. Dr. S. S. Kalamkar, Hon. Director of the

CCS highlighted the gray areas where focus should be given. In all, 76 staff members of the CCS participated in workshop. The training was provided to the CCS staff on field data collection, data imputing in new Record Types (RTs) as well as on FARMAP 2.0 computer software. Besides, special lectures were arranged on the collection of soil sample, role of KVK in agricultural development and ICT tools for agriculture extension. The training workshop was a success and achieved the objectives for which it was organized.

# સરદાર પટેલ વિશ્વવિદ્યાલયમાં શાસ્ત્રીય સંગીત અને નૃત્યના કાર્યક્રમો






આપણા લોકલાડીલા દિવંગત રાષ્ટપતિશ્રી એ.પી.જે. અબ્દુલ કલામ ભારતીય શાસ્ત્રીય સંગીતના ચાહક અને ઉપાસક હતા. એક ઉત્તમ વૈજ્ઞાનિક હોવા ઉપરાંત તેઓ સ્વયં અચ્છા વીણાવાદક હતા. તા. ૨૭ જુલાઈના રોજ એમનું અવસાન થયું. દિવંગત નેતાની સ્મૃતિમાં, એમને ઉચિત સ્મરણાંજલિ આપવાના હેતુથી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર અને સ્પીકમૅકે (આણંદ ચેપ્ટર)ના સંયુક્ત ઉપક્રમે તા. ૩૧-૭-૨૦૧૫ના રોજ સાંજે ભારતીય શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમનું આયોજન એમ.પી. પટેલ પ્રેક્ષાગૃહમાં કરવામાં આવ્યું હતું. ભારતીય શાસ્ત્રીય સંગીતવિશ્વના ધ્રુપદ ગાયકીના કંઠ્ય સંગીતના કલાકાર શ્રી સોમબાલા કુમાર તથા પખવાજવાદક શ્રી પૃથ્વીરાજ કુમારની સંગતિમાં આ કાર્યક્રમમાં પોતાની કલાની પ્રસ્તુતિ કરી હતી.

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર અને સ્પીકમૅકે (આણંદ ચેપ્ટર)ના સંયુક્ત ઉપક્રમે તા. ૧૨-૮-૨૦૧૫, બુધવારના રોજ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત પદ્મશ્રી ડૉ. ગીતા ચન્દ્રન દ્વારા ભરતનાટ્યમ્‌ની પ્રસ્તુતિનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં ડૉ. ગીતા ચન્દ્રન (ભરતનાટ્યમ્) તથા અન્ય સહકલાકારો શ્રી પ્રશાંત પૈ (કંઠ્ય ગાન), શ્રી રોહિત પ્રસન્ન (વાંસળી વાદન), શિષ્યાશ્રી રાધિકા કઠલ (નટુવાંગમ્) અને શિષ્યાશ્રી અમૃતા શ્રુતિ દ્વારા ભરતનાટ્યમ્‌ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે કલાકારશ્રી ડૉ. ગીતા ચન્દ્રને શ્રોતાગણ સાથે સીધા સંવાદ દ્વારા પ્રશ્નોત્તરી કરી હતી. જેમાં તેમણે ભારતીય કલાસંસ્કૃતિ અને પરંપરાગત નૃત્યશૈલી વિશેની આધારભૂત માહિતી પૂરી પાડી હતી.



# 'વિભાગ' વૃત્ત

- **AERC Foundation Day Lecture 2015 :** The Agro-Economic Research Centre (AERC) for the states of Gujarat and Rajasthan of Sardar Patel University, Vallabh Vidyanagar celebrated its 54th foundation day on July 1, 2015.

  **Dr. R. S. Deshpande**, National Fellow, Indian Council of Social Science Research and Former Director, Institute for Social and Economic Change, Bangalore has delivered Foundation Day Lecture on "**Agricultural Economics : Don't Write an Obituary**".

  On this occasion, Dr. V. S. Vyas Felicitation Prize (2012-14) was awarded to **Dr. Mrutunjay** Swain for the Best Report (AERC Report No. 148 titled "Problems and Prospects of Oilseeds Production in Gujarat : Special Reference to Groundnut") prepared at the Centre during two year period (2012-14). The Best Fieldman Prize in CCS for the year 2014-2015 was awarded to **Shri Maheshbhai Shivabhai Parmar**. On this occasion, four AERC publications were released, viz. two booklets compiling almost all the government schemes related to agriculture and allied sectors in the state of Gujarat and Rajasthan and monthly newsletter, *Agricultural Production and Market Outlook* (in English and Gujarati language).

- **પાલિ-પ્રાકૃત-સંસ્કૃત અનુસ્નાતક વિભાગ** દ્વારા તાજેતરમાં પૂર્વનિર્દેશક, કાલિદાસ અકાદમી, ઉજ્જૈનના પ્રોફેસર ડૉ. મિથિલાપ્રસાદ ત્રિપાઠીનું ''શ્રીમદ્‌ભાગવતમાં-રાસપંચાધ્યાય'' વિષય પર સારસ્વત વ્યાખ્યાન યોજાયું હતું. તેમાં એમણે શ્રીમદ્‌ભાગવતનું રહસ્ય, રાસપંચાધ્યાયીનો ગૂઢાર્થ તથા શુકદેવજીના જન્મની વિગતો આપી પ્રતિપદ પદ્ધતિએ રાસપંચાધ્યાયીનું રસપાન કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં વિભાગના વિદ્યાર્થીઓ તથા અન્ય વિભાગના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

  પાલિ-પ્રાકૃત-સંસ્કૃત અનુસ્નાતક વિભાગ તથા અનુસ્નાતક ઇતિહાસ વિભાગના વિદ્યાર્થીઓ સમક્ષ તા. ૨૧-૭-૨૦૧૫ના રોજ કુલપતિ શ્રી હરીશ પાઢનું વ્યાખ્યાન યોજાયું હતું. વ્યાખ્યાનનો વિષય ૨૦ વર્ષ પછી ભારતનું ભવિષ્ય, સ્વચ્છતા, આર્થિક વ્યવસ્થા અને ભારતના આર્થિક વિકાસ (જીડીપી) અંગે ચર્ચા વિચારણા કરી હતી. આર્થિક વિકાસનું મૂળ શું છે ? તેમ પ્રશ્ન કરી શિક્ષણને તેમણે આર્થિક વિકાસનું મૂળ ગણાવ્યું હતું. તેમણે ગુજરાતના વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી શરૂઆતથી જ કરવા સૂચવ્યું હતું.

  પાલિ-પ્રાકૃત-સંસ્કૃત અનુસ્નાતક વિભાગમાં તા. ૨૫-૭-૨૦૧૫ના રોજ સરદાર પટેલ યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના પૂર્વ અધ્યક્ષ પ્રો. ડૉ. મહેશચંદ્ર કાંતિલાલ યાજ્ઞિકનું મનનીય વ્યાખ્યાન યોજાયું હતું. વ્યાખ્યાનનો વિષય 'સંસ્કૃત સાહિત્યમાં સુભાષિતો' તે વિશેનો હતો.

આ જ વિભાગમાં દ્વારા તા. ૪-૮-૨૦૧૫ના રોજ આંતરકૉલેજ-સંસ્કૃત શ્લોકગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે પ્રોફેસર વશિષ્ઠ દ્વિવેદી (નિયામક, સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ) ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે ડૉ. પરેશભાઈ ત્રિવેદી (આંકલાવ આર્ટ્સ કોલેજ) તથા શ્રી ધર્મેશભાઈ પટેલ (ડાયેટ, વલાસણ) ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમક્રમ એમ. બી. પટેલ બી. એડ્. કોલેજના વિદ્યાર્થિની મમતા બારોટે પ્રાપ્ત કર્યો હતો. બીજો ક્રમ આકાશ દવે (આણંદ કોલેજ ઓફ અજ્યુકેશન, આણંદ), ત્રીજા ક્રમે શ્રદ્ધા આર. પટેલ (આણંદ કોમર્સ કોલેજ, આણંદ) રહ્યાં હતાં.

- બાપાલાલ ગ. વૈદ્ય કૃત **સંસ્કૃત સાહિત્યમાં વનસ્પતિઓ** (૧૯૫૮) એ પુસ્તકનો અંગ્રેજી અનુવાદ જીવવિજ્ઞાન વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીના નિવૃત્ત પ્રોફેસર ડૉ. જે. જે. શાહ દ્વારા કરવામાં આવ્યો છે. એના સંપાદનનું કાર્ય પાલિ-પ્રાકૃત-સંસ્કૃત અનુસ્નાતક વિભાગના અધ્યક્ષ પ્રો.ડૉ. નિરંજન પટેલ દ્વારા કરાયું હતું. આ પુસ્તકનું પ્રકાશન સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવ્યું છે. તેનો લોકાર્પણવિધિ પાલિ-પ્રાકૃત-સંસ્કૃત અનુસ્નાતક વિભાગ તથા જીવવિજ્ઞાન વિભાગના સંયુક્ત ઉપક્રમે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. હરીશ પાઢના અધ્યક્ષસ્થાને તા. ૧૭-૭-૨૦૧૫ના રોજ યોજવામાં આવ્યો હતો.

  આ જ વિભાગમાં તા. ૨૦-૭-૨૦૧૫ના રોજ 'અષાઢસ્ય પ્રથમ દિવસે' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિભાગના વિદ્યાર્થીઓએ અભિજ્ઞાન શાંકુતલના ભ્રમરબાધા પ્રસંગનું મંચન કર્યું હતું તથા મેઘદૂતના શ્લોકોનું સામૂહિકગાન તથા કાલિદાસની કૃતિઓ અંગે વક્તવ્ય આપ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમમાં વિભાગના વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લીધો હતો. સંમગ્ર કાર્યક્રમનું આયોજન વિભાગના વિદ્યાર્થીઓ ધાર્મિક જોષી તથા ગીતાબેન ભાટિયાએ કર્યું હતું.

- એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં ૨ જુલાઈ ૨૦૧૫નાં રોજ અનુસ્નાતક શિક્ષક વિભાગના અધ્યક્ષ પ્રો. કાન્તિભાઈ લિખિયાનું 'શિક્ષણની પ્રવર્તમાન સ્થિતિ' વિષય પર વ્યાખ્યાન યોજાયું.

  આ જ કોલેજમાં તા. ૭-૭-૨૦૧૫ના રોજ 'આનંદની ખોજ' વિષય પર ડૉ. શશીકાન્ત શાહનું તજ્જ્ઞીય પ્રવચન ગોઠવવામાં આવ્યું હતું.

- અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં તા. ૨૭ જુલાઈથી ૨ ઓગસ્ટ સુધી વિદ્યાર્થી સપ્તાહની ઉજવણી કરવામાં આવી. વિદ્યાર્થી વાંચતો, વિચારતો થાય તેમજ તેનો આત્મવિશ્વાસ કેળવાય તે હેતુથી જુદા જુદા વિષયોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તા. ૨૭-૭-૨૦૧૫ના રોજ ડૉ. સતીશ વ્યાસ લિખિત કાન્તના જીવન ઉપર આધારિત 'જળને પડદે'નું વાચિકમ પ્રા. કમલ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાટકના લેખક ડૉ. સતીષ વ્યાસ પણ ઉપસ્થિત રહ્યા હતા અને કાન્તના જીવન વિશે પ્રાસંગિક વ્યક્તવ્ય પણ આપ્યું હતું. કાર્યક્રમના બીજા દિવસે એમ.એ.સત્ર-૨ના વિદ્યાર્થી દ્વારા સ્વપરિચય આપવામાં આવ્યો, જેમાં વિદ્યાર્થીઓએ પોતાની આવડત અને વિવિધ પ્રતિભા અંગે વાત કરી હતી. કાર્યક્રમનો ત્રીજો દિવસ સ્વરચિત કાવ્ય પઠન અને ગાયનનો હતો જેમાં એમ.એ., એમ.ફિલ, પીએચ.ડી. તથા અંગ્રેજી વિષયના એક વિદ્યાર્થીએ ભાગ લીધો હતો અને પોતાની રચનાઓનું સુંદર પઠન/ગાન કર્યું હતું. તા. ૩૧ જુલાઈએ ડૉ. પરમ પાઠક દ્વારા પ્રશ્નસ્પર્ધાનું સંચાલન કરવામાં આવ્યું, જેમાં સાહિત્યિક તેમજ સાંપ્રત પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જુદા જુદા પાંચ જૂથ અને પછી વ્યક્તિગત પ્રશ્નોના છેલ્લા તબક્કામાં એમ.એ. સત્ર-૩ના વિદ્યાર્થી રાકેશ ઝાલા વિજેતા બન્યા હતા. તા. ૨ ઓગસ્ટ રવિવારના દિવસે ફાઈન આર્ટ્સ કોલેજમાં વાંચન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું અને વર્ગખંડમાં તેના વિશે રજૂઆત પણ કરવામાં આવી હતી.

# 'મહાવિદ્યાલય'વૃત્ત

## વિનયન

| | | |
|---|---|---|
| – અખિલેશ સુરેશભાઈ પટેલ આર્ટ્સ કોલેજ, બોરિયાવી | ઉમાશંકર જોશીની જન્મજયંતીની ઉજવણી | તા. ૨૧–૭–૧૫ |
| – નલિની આટ્ર્સ કોલેજ, વલ્લભવિદ્યાનગર | ગુરુપૂર્ણિમા ઉજવણી | તા. ૩૧–૭–૧૫ |
| – શ્રી ભીખાભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પી.જી. સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઈન હ્યૂમેનિટિઝ | પ્રેમચંદ જન્મ જયંતિ | –– |

## વાણિજ્ય

| | | |
|---|---|---|
| – આણંદ કોમર્સ કોલેજ, આણંદ | અભિમુખતા કાર્યક્રમ | તા. ૨–૭–૧૫ |
| | અભિમુખતા કાર્યક્રમ | તા. ૧૪–૭–૧૫ |
| | વ્યાખ્યાન મેમરી પાવર ટ્રેઈની–શ્રી સાજન શાહ | –– |
| | અભિમુખતા કાર્યક્રમ | –– |
| | મહિલા સશક્તિકરણ અંતર્ગત પોસ્ટર રેલી | –– |
| | બીબીએ (આઈ.બી.)માં અભિમુખતા કાર્યક્રમ | તા. ૨૩–૭–૧૫ |
| | બીબીએ (આઈ.બી.)માં સામાન્ય જ્ઞાન સ્પર્ધા | તા. ૨૩–૭–૧૫ |
| – આણંદ ઇન્સ્ટિટ્યુટ ઓફ બિઝનેસ સ્ટડીઝ, આણંદ | અભિમુખતા કાર્યક્રમ | –– |
| | ઈન્ટરવ્યુ ટેકનિક અને જૂથ ચર્ચા–પરિસંવાદ | –– |
| | એન.એસ.એસ.–અભિમુખતા કાર્યક્રમ | તા. ૨૩–૭–૧૫ |
| | પરિસંવાદ–ઉદ્યોગ સાહસિકતા | તા. ૨૫–૭–૧૫ |
| | નવાગંતુક સમારોહ | તા. ૧–૮–૧૫ |
| | મહેંદી અને નખ કલા સ્પર્ધા | તા. –– |
| – સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ | અભિમુખતા કાર્યક્રમ | તા. ૨૦–૭–૧૫ |
| | શિલ્પવિકાસ કાર્યક્રમ | તા. ૨૦–૭–૧૫ |
| | શૈક્ષણિક શિબિર | તા. ૧૮–૭–૧૫ |
| | અભિમુખતા કાર્યક્રમ તથા નવાગંતુક સમારોહ | તા. ૨૧–૭–૧૫ |
| | વ્યાખ્યાન–આજના યુગમાં અંગ્રેજી ભાષાની જરૂરિયાત અને મહત્ત્વ | –– |

| | | |
|---|---|---|
| – તારકેશ એન્ડ નિરંજના સુરેશભાઈ પટેલ કોમર્સ કોલેજ | આંતરરાષ્ટ્રીય યોગ દિવસ | તા. ૨૧–૬–૧૫ |
| | અભિમુખતા કાર્યક્રમ | તા. ૨૯–૬–૧૫ |
| | સેમિનાર–વેબ એપ્લિકેશન ડેવલોપમેન્ટ ટેક્નો. | તા. ૧૧–૭–૧૫ |
| – બી.એફ. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, આણંદ | અભિમુખતા કાર્યક્રમ | તા. ૧૭–૭–૧૫ |
| | મહેંદી સ્પર્ધા | તા. ૧–૮–૧૫ |
| | ગુરુપૂર્ણિમાની ઉજવણી | તા. ૩૧–૭–૧૫ |
| – સેમકોમ કોલેજ, વલ્લભવિદ્યાનગર | અભિમુખતા કાર્યક્રમ | –– |
| | રક્તદાન શિબિર | તા. ૭–૮–૧૫ |
| | વૃક્ષારોપણ કાર્યક્રમ | તા. ૭–૮–૧૫ |
| – ભીખાભાઈ જીવાભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર | યોગ તાલીમ શિબિર | તા.૧૬ થી ૨૦–૬–૧૫ |
| | આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી | તા. ૨૧–૬–૧૫ |
| | એન.એસ.એસ.–લોક સાંસ્કૃતિક કાર્યક્રમ | તા. ૧૬–૭–૧૫ |
| | અભિમુખતા કાર્યક્રમ | તા. ૨૪–૭–૧૫ |

## શિક્ષણ

| | | |
|---|---|---|
| – એમ. બી. પટેલ કોલેજ ઓફ અજ્યુકેશન, વલ્લભવિદ્યાનગર | સરદાર પટેલ યુનિવર્સિટીના મ્યુઝિયમની મુલાકાત | તા. ૪–૭–૧૫ |
| | વિશ્વ વસ્તીદિનની ઉજવણી | તા. ૧૧–૭–૧૫ |
| | ભાઈકાકા ગ્રંથાલય અભિમુખતા કાર્યક્રમ | તા. ૩૧–૭–૧૫ |
| | સર્પ જાગૃતિ કાર્યક્રમ | તા. ૧–૮–૧૫ |
| | હિરોશિમા દિવસ | તા. ૬–૮–૧૫ |
| | ગુરુપૂર્ણિમા | તા. ૩૧–૭–૧૫ |
| | વિશ્વ મેન્ગ્રુવ દિવસ | તા. ૩૦–૭–૧૫ |
| | વ્યાખ્યાન : શિક્ષક–પ્રશિક્ષણ અને વ્યક્તિત્વ વિકાસ – ડૉ. વાસુદેવભાઈ રાવલ | તા.૩૦–૭–૧૫ |
| | કવિવર ઉમાશંકર જોશી જન્મજયંતિની ઉજવણી | –– |
| | કાવ્યગાન અને કાવ્યપઠન સ્પર્ધા | તા. ૨૩–૭–૧૫ |
| – આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ | સભાનતા કાર્યક્રમ | –– |
| | ગ્રંથાલય અભિમુખતા કાર્યક્રમ | તા. ૧–૭–૧૫ |
| | વર્ષાગીતની ઉજવણી | તા. ૨૭–૬–૧૫ |
| | પ્રવેશોત્સવ, ડોક્ટર ડે તથા કોલજના સ્થાપના દિનની ઉજવણી | –– |
| | સભાનતા કાર્યક્રમ | તા. ૬–૭–૧૫ |

| | | |
|---|---|---|
| | કરાટે પ્રશિક્ષણ | તા. ૭-૭-૧૫ |
| | થેલેસેમીયા જાગૃતિ અભિયાન | તા. ૯-૭-૧૫ |
| - એન.એચ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ | સ્વામી વિવેકાનંદ જન્મ જયંતીની ઉજવણી | -- |
| | વુમન ડેવલપમેન્ટ સેલ ઉદ્‌ઘાટન કાર્યક્રમ | -- |
| | સમધારાનું આયોજન | -- |
| | મહિલા સશક્તિકરણ પખવાડિયા અંતર્ગત ઈરમાની મુલાકાત | -- |
| | મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસની ઉજવણી | -- |
| | ડિસ્લેક્સિયા વિષય પર વ્યાખ્યાન- ડૉ. નુસરત કાદરી | -- |
| | બાળ વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી દિવ્યાશું દવેનું વ્યાખ્યાન | -- |
| | ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી | -- |
| | મહેંદી સ્પર્ધા | -- |
| | વિદ્યાર્થી સંસદ કાર્યક્રમ | -- |
| | ગીત ગુંજન અર્પણ કાર્યક્રમ | -- |
| - વે મેઇડ કોલેજ ઓફ એજ્યુકેશન, વલ્લભવિદ્યાનગર | અભિમુખતા કાર્યક્રમ, વૃક્ષારોપણ, લોકવિજ્ઞાન કેન્દ્ર, યુનિવર્સિટી મ્યુઝિયમની મુલાકાત તથા ટેલેન્ટ હન્ટ, પેનલ ડિસ્કસનનું આયોજન | -- |
| - સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બાકરોલ | કેશગૂંથન સ્પર્ધા | તા. ૪-૮-૧૫ |
| | મહેંદી સ્પર્ધા | તા. ૧-૮-૧૫ |
| | વ્યક્તિત્વ વિકાસ-પ્રવચન ડૉ. ડી.જી. પટેલ | તા. ૩-૮-૧૫ |
| | ગુરુ પૂર્ણિમા ઉત્સવ | તા. ૩૧-૭-૧૫ |
| | સ્ત્રી સશક્તીકરણ અને સબળા નારી-પ્રવચન | તા. ૨૯-૭-૧૫ |
| - આઈ.જે. પટેલ બી.એડ્ કોલેજ, મોગરી | 'ગાંધીજી અને નયી તાલીમ' વિષય પર વ્યાખ્યાન - પ્રો. નરેશ વેદ | તા.૧૭-૭-૧૫ |
| | ગાંધીજીનાં પુસ્તકોનું પ્રદર્શન | તા. ૨૯-૭-૧૫ |

## વિજ્ઞાન

| | | |
|---|---|---|
| - નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સિસ, વલ્લભવિદ્યાનગર | કેમેસ્ટ્રી ક્વિઝ કોમ્પિટિશન | તા. ૧૬-૭-૧૫ |
| | એન.એસ.એસ. અભિમુખતા કાર્યક્રમ | -- |
| | વૃક્ષારોપણ કાર્યક્રમ | -- |
| | એન.એસ.એસ. જ્ઞાનધારા કાર્યક્રમ | |
| | રક્તદાન કેમ્પ | -- |
| | વ્યાઘ્રદિનની ઉજવણી | -- |

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**નું યુનિવર્સિટી ગ્રાંટ કમિશન, ન્યૂ દિલ્હીના સહયોગથી દિનદયાલ ઉપાધ્યાય કૌશલ સેન્ટર પ્રાપ્ત થયું છે. ભારતની ૭૦૮ ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો અને યુનિવર્સિટીઓમાંથી ૩૪ કોલેજો અને પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપાર્ટમેન્ટ તેમજ ૧૪ યુનિવર્સિટીઓ એટલે કે કેવળ કુલ ૪૮ સંસ્થાઓને આ કેન્દ્ર પ્રાપ્ત થયું છે.

- શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં ૨૫ જૂનના રોજ જ્ઞાનધારા અને ક્ષૈક્ષણિક પ્રવચનના સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમ ''ચલે યોગ સે રાજયોગ તરફ'' વિષય પર બ્રહ્માકુમારી ઉર્મિલાબેનનું પ્રવચન યોજાયું.

- ચારુતર વિદ્યામંડળ સંચાલિત એન. વી. પટેલ સાયન્સ કોલેજમાં કેમીકલ સાયન્સિસ વિભાગ દ્વારા ૧૩ જુલાઈ ૨૦૧૫ના રોજ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૨૦ જેટલા વિદ્યાર્થી દ્વારા પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. ડૉ. જીગર પટેલ (આઈસ્ટાર) તથા ડૉ. ભાર્ગવ ત્રિવેદી (જે એન્ડ જે સાયન્સ કોલેજ નડિયાદ) નિર્ણાયક તરીકે હાજર રહ્યા હતા.

- ચારુતર વિદ્યામંડળ સંચાલિત એન. વી. પટેલ સાયન્સ કોલેજમાં તા. ૧૧-૬-૧૫ના રોજ ગણિત વિષયનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં મુખ્ય અતિથિ તથા વક્તા તરીકે ડૉ. ઉદયન એમ. પ્રજાપતિ, કોલેજના આચાર્યશ્રી ડૉ. બાસુદેવ બક્ષી તથા ગણિત વિભાગના વડાશ્રી ભાઈલાલ પી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

- ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ. વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સિસના ડિપાર્ટમેન્ટ ઓફ બાયોલોજીકલ એન્ડ એન્વાયન્મેન્ટલ સાયન્સ વિભાગ દ્વારા તાજેતરમાં વિદ્યાનગર વી.એન.સી. (વોલન્ટરી નેચર કન્ઝર્વન્સી) સાથે કરાયેલ એમ.ઓ.યુ.નું નવીનીકરણ કરવામાં આવ્યું હતું.

- ચારુતર વિદ્યામંડળ નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સિસના એન.સી.સી. વિભાગ ૨ સી.ટી.સી. વિદ્યાનગર એકમના સહયોગથી ચાલે છે. જેના અંતર્ગત આ વર્ષે મોગરી ખાતે યોજાયેલ સી.એ.ટી.સી.- ૩ કેમ્પમાં કોલેજના એસ.વાય.બી.એસસી. કેડેટ શ્રી અમિત ભટ્ટે જુદી જુદી ૩ સ્પર્ધાઓમાં ગોલ્ડ મેડલ જીતી લાવી કોલેજનું ગૌરવ વધાર્યું હતું. શ્રી અમિત ભટ્ટે સદ્ય ચિત્રસ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા ઉપરાંત શ્રેષ્ઠ સેનાર્થી તરીકેનું પ્રથમ સ્થાન મેળવી ઉપરોક્ત સિદ્ધિ મેળવી હતી.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન તથા સી.સી. પટેલ લોકવિજ્ઞાન કેન્દ્રના ઉપક્રમે વિશ્વ વસ્તીદિનની ઉજવણી અંતર્ગત સરદાર પટેલ યુનિવર્સિટીની વિવિધ કોલેજો તથા અનુસ્નાતક વિભાગમાં અધ્યયન કરતાં વિદ્યાર્થીઓ માટે પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પોસ્ટર સ્પર્ધાનો વિષય હતોઃ વિશ્વવસ્તીમાં સ્ત્રીઓ અને બાળકોની સલામતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના ધર્મિષ્ઠાબેન પરમાર, દ્વિતીય ક્રમે બી.વી.એમ. કોલેજના સમૃદ્ધિ સીધ, તૃતીય ક્રમે બી.વી.એમ. કોલેજના જૈની શાહ વિજયી થયા હતાં. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી કનુ પટેલ તથા ડૉ. યજ્ઞેશભાઈ પુરોહિતે સેવાઓ આપી હતી.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન તથા સી.સી. પટેલ લોકવિજ્ઞાન કેન્દ્રના ઉપક્રમે વિશ્વ વસ્તીદિનની ઉજવણી અંતર્ગત સરદાર પટેલ યુનિવર્સિટીની વિવિધ કોલેજો તથા અનુસ્નાતક વિભાગમાં અધ્યયન કરતાં વિદ્યાર્થીઓ માટે પરિવિવાદ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિવિવાદ

સ્પર્ધાનો વિષય હતોઃ **વિશ્વવસ્તીમાં સ્ત્રીઓ અને બાળકો સલામતી છે? હા કે ના.** આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે બી.વી.એમ. કોલેજના ઈનોશ વિશ્વનાથન, દ્વિતીય ક્રમે ઈલ્સાસ કોલેજના શિવાંગી પરમાર તથા તૃતીય ક્રમે એન.વી. પટેલ એપ્લાઈડ સાયન્સ કોલેજના શિક્ષા શર્મા વિજયી થયા હતાં. ટીમ વિજેતા તરીકે શુભમ ધાર તથા સૂરજકાંત સિંગ બન્યા હતાં. સી. સી. પટેલ લોક વિજ્ઞાન કેન્દ્ર તરફથી પ્રથમ ક્રમે આવનારને રૂ. ૫૦૧, દ્વિતીય ક્રમે આવનારને રૂ. ૨૫૧ તથા તૃતીયક્રમે આવનારને રૂ. ૧૫૧ તથા ટીમ વિજેતાને શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. હર્ષાબા જાડેજા તથા શ્રીમતી જિગીશા ઝાલાએ સેવાઓ આપી હતી.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન** તથા **સી.સી. પટેલ લોકવિજ્ઞાન** કેન્દ્રના ઉપક્રમે વિશ્વ વસ્તીદિનની ઉજવણી અંતર્ગત સરદાર પટેલ યુનિવર્સિટીની વિવિધ કોલેજો તથા અનુસ્નાતક વિભાગમાં અધ્યયન કરતાં વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિબંધ સ્પર્ધાનો વિષય હતોઃ વિશ્વવસ્તીમાં બાળકોનો ઉછેર : સમસ્યા અને ઉપાય. આ સ્પર્ધામાં પ્રથમક્રમે બી.વી.એમ. કોલેજના મોહિત રેના, દ્વિતીય ક્રમે બી.વી.એમ. કોલેજના કવન અમીન, તૃતીયક્રમે એન.વી. પટેલ એપ્લાઇડ સાયન્સ કોલેજના જીગર બામરોલિઆ વિજયી થયાં હતાં. આશ્વાસન ઈનામો એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના ધર્મિષ્ઠાબેન પરમાર તથા ઈલ્સાસ કોલેજના અર્જુન દવે તથા એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના નીતિન જાદવને એનાયત થયાં હતાં.

# 'અધ્યાપક' વૃત્ત

- **Dr. D. P. Raykundalia** delivered 16 talks as a Resource Person in various courses run by the UGC Academic Staff College, Vallabh Vidyanagar between February 2015 to June 2015.

- **શ્રી આઈ. જે. પટેલ બી.એડ્ કોલેજ,** મોગરીના અધ્યાપક શ્રી **મહેશભાઈ ઉપાધ્યાયે** તા. ૧૬-૭-૧૫ના રોજ સાહિત્યસૃષ્ટિ અંતર્ગત સંસ્થા વસાહત ગુજરાત પુસ્તકાલય, વડોદરા ખાતે 'વીર સાવરકર'નાં પુસ્તકનું વિમોચન કર્યું હતું તથા વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે વડોદરા શહેરની રિલાયન્સ અંગ્રેજી માધ્યમ શાળામાં તા. ૨૪-૭-૧૫ના રોજ 'How to Excel in Board Exams' વિષય પર વ્યાખ્યાન પ્રસ્તુત કર્યું હતું.

  આ કોલેજની અધ્યાપિકાઓ કુ. તેજલબેન પઢિયાર અને પિન્કીબહેન પટેલ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરનાં એજ્યુકેશન (શિક્ષણ) વિષયમાં એમ. ફિલની ડીગ્રી પ્રાપ્ત કરી તથા અધ્યાપક ડૉ. યજ્ઞેશ પુરોહિતે રમા મનુભાઈ દેસાઈ મ્યુઝિક એન્ડ ડાન્સ કોલેજમાંથી શાસ્ત્રીય ગાનમાં ડિપ્લોમાની પદવી પ્રાપ્ત કરી.

- સરદાર પટેલ યુનિવર્સિટી તથા ચારુતર વિદ્યામંડળના સંયુક્ત ઉપક્રમે 'ગાંધીયન સ્ટડીઝ સેન્ટર'ના ચેર પર્સન તથા શ્રી આઈ.જે. પટેલ બી.એડ્. કોલેજનાં આચાર્યાશ્રી નુસરત કાદરી દ્વારા તા. ૨૯-૭-૧૫ના રોજ સંસ્થામાં ગાંધી સાહિત્ય પ્રદર્શનનું આયોજન થયું હતું.

- The Faculty members of Organic Chemistry at Shree P. M. Patel College of P. G. Studies and Research and Science (APMS) had published 5 books in Lambert Academic Publishing, Germany and a patent on Solar cell raw materials at World Intellectual Property Organization, International bureau. The details are as follows :

## List of Books Published

| Sr. No. | Title of Books | Publisher | Month and Year of Publication | ISBN Number | Authors |
|---|---|---|---|---|---|
| 1 | Chemistry of Chalcone synthesis and its derivatives | Lambert Academic Publishing | June-July 2015 | 978-3-659-67230-9 | Dr. R. N. Patel<br>Dr. K. S. Patel<br>Dr. J. C. Patel |
| 2 | Biscoumarin and their transition metal complexes | Lambert Academic Publishing | June-July 2015 | 978-3-659-64592-1 | Dr. J. C. Patel<br>Dr. K. S. Patel<br>Dr. R. N. Patel |
| 3 | Transition metal heterochelates containing coumarin and cliquinol | Lambert Academic Publishing | June-July 2015 | 978-3-659-74844-8 | Dr. K. S. Patel<br>Dr. R. N. Patel<br>Dr. J. C. Patel |
| 4 | Basic of Chalcone and related novel synthesis | Lambert Academic Publishing | June-July 2015 | 978-3-659-74680-2 | Dr. K. S. Patel<br>Dr. R. N. Patel<br>Dr. J. C. Patel |
| 5 | Biological studies of Oh dimeric Co (II) and Zn (II) complexes | Lambert Academic Publishing | June-July 2015 | 978-3-659-66893-7 | Dr. M. R. Chhasatia<br>Dr. D. S. Gandhi |

## List of Papers Published

| Sr. No. | Title of Books | Publisher | Month and Year of Publication | ISSN Number | Authors |
|---|---|---|---|---|---|
| 1 | Study on Synthesis of Novel Chalocone Their Antimicrobial Activity | Journal Club for Pharmaceutical Sciences (JCPS) | V-2, I-1, 2015 | 2321-8630 | Dr. Rajarshi N. Patel<br>Dr. Ketan S. Patel<br>Dr. Mehul R. Chhasatia<br>Dr. Indu Baser |
| 2 | Water Analysis Based on Physico-Chemical Parameters in Anand District, Gujarat | International Journal for Pharmaceutical Research Scholars (IJPRS) | V-4, I-2, 2015 | 2277-7873 | Dr. Rajarshi N. Patel<br>Dr. Ketan S. Patel<br>Dr. Mehul R. Chhasatia<br>Dr. Dinesh S. Patel |
| 3 | Chemical Study of Ground Water Taken From Highly Polluted Pond (Goya Talav) of Anand District (Gujarat) | Journal Club for Pharmaceutical Sciences (JCPS) | V-2, I-2, 2015 | 2394-1731 | Dr. Ravi B. Patel<br>Dr. Rajarshi N. Patel<br>Dr. Ketan S. PAtel<br>Miss Arpita Desai |

## List of Patent Published

| Sr. No. | Title | Publisher | Month and Year of Publication | Patent Number | Authors |
|---|---|---|---|---|---|
| 1 | Solar cell raw materials | World Intellectual Property Organization | 6 March 2014 | WO 2014/033753 A2 | Dr. M. R. Chhasatia |

# Placement Details

The following colleges have conducted the campus placement programmes. The details are as follows:

| No. | Dept./College | Name of Company / Institute | No. of Students Selected | Designation |
|---|---|---|---|---|
| 1 | AMCOST, Anand | Christian College, Anand | 2 | -- |
| | | Wipro, Pune | 1 | -- |
| | | Infosys, Pune | 3 | -- |
| | | Jivakaran College, V.V. Nagar | 1 | -- |
| | | P. M. Patel College | 1 | -- |
| | | Etech Infocity, Gandhinagar | 1 | -- |
| | | Bhavnagar in College | 1 | -- |
| | | DNV Education and Academic Gandhidham, Kutchch | 1 | -- |
| | | Potenza Global Services Ahmedabad | 1 | -- |
| | | AMCOST, Anand | 1 | Lecturer |
| | | AMCOST, Anand | 2 | Lab Technician |
| | | Anand Agri. Uni. | 3 | Research Scholar |
| | | Cadila | 1 | Medical Representative |
| | | Vision School of Sci., Nadiad | 1 | Science Teacher |
| | | M.B. Patel Science College, Anand | 2 | Lecturer |
| | | Mark Biosci., Nadiad | 2 | Quality Control Microbiologist |
| | | Span Diagnostic, Surat | 1 | Quality Control Microbiologist |
| | | Intas Bio Pharma | 1 | - |
| | | Ankleshwar | 2 | Quality Control Microbiologist |
| | | CSMCRI, Bhavnagar | 1 | Quality Control Microbiologist |
| | | Intas BioPharma | 1 | Quality Control Executive |
| | | Vikram Sarabhai Community Sci. Centre, Ahmedabad | 1 | -- |
| 2. | Anand Institute of Business Studies, Anand | TATA Consultancy Service Ltd. | 10 | -- |
| | | ICICI Prudential Life Insurance | 3 | -- |
| | | ICICI Prudent Corporate | 3 | -- |
| 3. | Postgraduate Department of Home Science, Vallabh Vidyanagar | Shalby Hospital, Ahmedabad | 1 | -- |
| | | Madhav Foods, Vadodara | 1 | -- |


# 'લોક'વૃત્ત

- સરદાર પટેલ યુનિવર્સિટીના **કોમ્યુનિટી રેડિયો સ્ટેશન** દ્વારા 'મધર્સ ડે'ની ઉજવણીના ભાગ રૂપે કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવ્યો હતો. ભૂતપૂર્વ વિદ્યાર્થી લલિતભાઈ દ્વારા છત્રપતિ શિવાજી તથા તેમની માતા જીજાબાઈનો પ્રસંગ સુંદર રીતે રજૂ કર્યો હતો અને તે કાર્યક્રમ રેડિયો સ્ટેશન દ્વારા તા. ૧૧-૫-૨૦૧૫, સોમવારના રોજ પ્રસારિત કરવામાં આવ્યો હતો.
- સરદાર પટેલ યુનિવર્સિટીના **કોમ્યુનિટી રેડિયો કેન્દ્ર**માં તા. ૨૬-૬-૨૦૧૫, શુક્રવારના રોજ વાઈબ્રન્ટ ઈન્ટરનેશનલ એકેડેમી, ચાંગા-આણંદ ખાતે થી ધોરણ-૫ થી ૮નાં કુલ ૪૫ વિદ્યાર્થીઓ તથા પાંચ શિક્ષકોને રેડીયો કેન્દ્રનાં કર્મચારીઓ દ્વારા કાર્યક્રમ કેવી રીતે બનાવવા, મુદ્રણ કેવી રીતે કરવું, કાર્યક્રમ બની ગયા પછી તેને પ્રસારિત કેવી રીતે કરવા એ વિશે તથા રેડીયો કેન્દ્રના સાધનોની માહિતી પૂરી પાડી હતી.
- તા. ૨૨-૫-૨૦૧૫ શુક્રવારના રોજ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા 'બાયોડાઇવર્સિટી ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. અને તેના ભાગ રૂપે ડૉ. ઉજ્જ્વલ ત્રિવેદીનો રેડિયો કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવ્યો હતો.
- તા. ૨૨-૭-૨૦૧૫ બુધવારના રોજ કોમ્યુનિટી રેડિયો કેન્દ્ર દ્વારા 'બ્રેઈન ડે'ની ઉજવણીના ભાગ રૂપે એક વિશેષ રેડીયો કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવ્યો હતો. તેમાં શ્રી કૃષ્ણ મેડિકલ હોસ્પિટલ, કરમસદના ડૉ. સોહમ દેસાઈ દ્વારા બ્રેઈન સ્ટ્રોકના લક્ષણો અને ઉપચાર અંગેની માહિતી આપી હતી. આ કાર્યક્રમ રેડિયો કેન્દ્ર દ્વારા તા. ૨૨-૭-૨૦૧૫, બુધવારના રોજ પ્રસારિત કરવામાં આવ્યો હતો.
- સી.સી. પટેલ લોકવિજ્ઞાન કેન્દ્ર તથા એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ દ્વારા વિશ્વ વસ્તી દિનની ઉજવણી કરવામાં આવી હતી.
- તાજેતરમાં સરદાર પટેલ યુનિવર્સિટીના મ્યુઝિયમમાં પી. એમ. પટેલ કોલેજના બી.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે મ્યુઝિયમ સંગ્રહ પર આધારિત સ્લાઈડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. તદ્ઉપરાંત વિદ્યાર્થીઓએ ભારતીય શાસ્ત્રીય રાગ-રાગિણીઓ પરના 'રાગ માલા' પ્રદર્શનને નિહાળ્યું હતું.
- તાજેતરમાં પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કૂલ, આણંદના ત્રીજાથી છઠ્ઠા ધોરણના સો જેટલા વિદ્યાર્થીઓ અને આઠ અધ્યાપકોએ મ્યુઝિયમના મુલાકાત લીધી હતી. મ્યુઝિયમના ક્યુરેટર શ્રી અમોલ મોહિતેએ આ વિદ્યાર્થીઓને જીવનમાં વૃક્ષનું મહત્ત્વ સમજાવ્યું હતું અને એમને પર્યાવરણ પર આધારીત વનશ્રી નામની એક શૈક્ષણિક ફિલ્મ બતાવી હતી.
- ગત જુલાઈ, ઓગસ્ટ માસ દરમિયાન સીવીએમ હાયર સેકન્ડરી સ્કૂલ, એમ. એસ. મિસ્ત્રી હાઈસ્કૂલ, બાવીસગામ વિદ્યાલય, લક્ષ્મી વિદ્યાલય-ગોલાણા, નોલેજ કીડ્સ-કરમસદના સાતસો જેટલા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી મ્યુઝિયમની મુલાકાત લીધી હતી.

**સરદાર પટેલ યુનિવર્સિટીના કોમ્યુનિટી રેડિયો સ્ટેશનના 'રેડિયો કેમ્પસ ૯૦.૪ એફ.એમ.'ના પ્રસારણનું સમય પત્રક (સોમવાર થી શુક્રવાર)**

| | | | |
|---|---|---|---|
| સવારે | બે કલાક | સવારે ૦૯.૦૦ થી ૧૦.૦૦ | ભક્તિ સંગીત |
| | | સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ | શૈક્ષણિક કાર્યક્રમ |
| બપોરે | બે કલાક | બપોરે ૧૨.૦૦ થી ૦૧.૦૦ | શૈક્ષણિક કાર્યક્રમ |
| | | બપોરે ૦૩.૦૦ થી ૦૪.૦૦ | શૈક્ષણિક કાર્યક્રમ |
| સાંજે | એક કલાક | સાંજે ૦૬.૦૦ થી ૦૭.૦૦ | શૈક્ષણિક કાર્યક્રમ |

# વિશ્વમાનવને ભાવાંજલિ



''વ્યક્તિ મટીને બનુ વિશ્વમાનવી...'' એમ ઉમાશંકર જોશીના શબ્દોને અનાયાસે જ અનુસરતા કલામ ટર્નિંગ પૉઈન્ટ્સમાં કહે છેઃ

''હું તો વિશ્વનાગરિક છું, દરેક નાગરિક મારાં સગાંસંબંધી છે.''

સ્વપ્નદ્રષ્ટા તથા દીર્ઘદ્રષ્ટા ડૉ. અબ્દુલ કલામનો જન્મ ૧૫ ઑક્ટોબર ૧૯૩૧ના રોજ તમિલનાડુના રામેશ્વરમ્માં થયો. એ. પી. જે અબ્દુલ કલામનું પૂરું નામ ડૉ. અબ્દુલ પાકિર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ છે. એમનું નામ જેટલું મોટુ છે, ડૉ. કલામ એનાથી પણ વધારે મોટા અને ઉદાર હૃદયના હતા.

દેશના સર્વોચ્ચ પદે રહ્યાં પછી પણ કલામ અભિમાનથી જોજનો દૂર રહી શક્યા હતા. તેમના જીવનના અનેક કિસ્સાઓ છે જે તેમની દરિયાદિલીની ગવાહી આપે છે. રાષ્ટ્રપતિ બન્યા પછી પણ મોચી અને ઢાબો ચલાવતાં સામાન્ય માણસને પણ તેઓ યાદ રાખે છે. ત્યાં સુધી કે કોઈ શાળાની મુલાકાત દરમ્યાન તેમના સ્મૃતિપટ પર ઘણાં બધા વિદ્યાર્થીઓનાં નામ પણ યાદ રહી જતાં.

''सिर्फ आसमान छू लेना ही कामयाबी नहीं है ।<br>
असली कामयाबी तो वो है की<br>
आसमान भी छू लो और पाँव भी जमींन पर हो।''

આમ, સાદગી, સમર્પણ, સંયમ અને સહિષ્ણુતાના પર્યાય કલામે અંતરિક્ષની ઊંચાઈ સર કરી.

માનવ મહામાનવ ક્યારે બને? એની ગવાહી પૂરતા એ.પી.જે. અબ્દુલ કલામના જીવનનાં કેટલાંક યાદગાર પ્રસંગો જાણવા જોઈએઃ બનારસ હિન્દુ યુનિવર્સિટીના પદવીદાન સમારંભ વખતે મંચ પરની અન્ય ખુરશીઓ કરતાં પોતાની ખુરશી મોટી હોવાથી તેમણે ખુરશી પર બેસવાની ના પાડી દીધી.

કલામની કોઈ ભૂલ અથવા તો અનુશાસનહીનતાથી ગુસ્સે થઈ ગણિતના શિક્ષક રામકૃષ્ણ ઐયરે કલામને સોટી ફટકારી. કલામને દુઃખ થવા છતાં એ વાતને દિલ પર ન લીધી. કલામનું ગણિતમાં સારું પરિણામ આવતાં રામકૃષ્ણ ઐયરે પ્રભાવિત થતા કહ્યું કે, ''હું જેને સોટી ફટકારું છું, એ મહાન બની જાય છે.''

અબ્દુલ કલામ પુસ્તકોને જ્ઞાન અને સંપત્તિનો ભંડાર ગણાતા હતા. જે પુસ્તકોએ તેમનું જીવન બદલી નાખ્યું હોય અને વારંવાર વાંચતા હોય તેવા પુસ્તકોમાં 'મૅન એ અનનોન', 'લાઈટ ઓફ મેની લેમ્પસ', પવિત્ર 'કુરાન' અને 'ભગવદ્ગીતા'નો સમાવેશ થાય છે. કલામ પુસ્તકનું મહત્ત્વ દર્શાવતાં કહે છે;

"One best book is equal to hundered good friends but one good friend is equal to a library."

ચિંતક, વિચારક અને સતત કાર્યરત આ વ્યક્તિત્ત્વએ ૩૦થી વધારે પુસ્તકો લખ્યાં; જે આ મુજબ છેઃ

"Wings of fire" (૧૯૯૯), 'ટ્રાર્ગેટ ૩ બિલિયન' (૨૦૧૧), 'ઈગ્નાઈટેડ માઈન્ડસ્' (૨૦૦૨), 'ઈન્ડિયા ૨૦૨૦' (૧૯૯૮) તથા ટર્નિંગ પોઈન્ટ્સ (૨૦૧૨)

એ. પી. જે. અબ્દુલ કલામ બાળકો, યુવાનો તેમ જ વૃદ્ધો એમ તમામ વયજૂથમાં એકસરખી લોકપ્રિયતા તથા ચુંબકીય વ્યક્તિત્વ ધરાવતા હતા. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની જેમ જ ડૉ. અબ્દુલ કલામ પણ રાજનૈતિક ન હતા. તે છતાં તેમની વૈજ્ઞાનિક હોવાની વિશેષતાએ તેમને રાષ્ટ્રપતિ પદ પર પહોંચાડ્યા. અબ્દુલ કલામની લોકપ્રિયતાનું કારણ તેમનો નમ્ર સ્વભાવ, મુક્ત હાસ્ય, ઉદારતા આ ઉપરાંત તેમની કોમ્યુનકેશન સ્કિલ્સ ગજબની હતી, જે ભાગ્યે જ કોઈ વૈજ્ઞાનિકમાં જોવા મળે.

કલામ હંમેશા પોતાને એક શિક્ષક તરીકે ઓળખાવતા અને ઈશ્વરે પણ તેમની પ્રાર્થના સાંભળી. સંતકથા જેવું જીવન જીવીને દંતકથા સમાન બની ગયેલા ડૉ. અબ્દુલ કલામ આખરી ક્ષણ સુધી પોતાના પ્રિય ઈચ્છામૃત્યુને વર્યા છે. કોઈ ક્રિકેટર ક્રિકેટ રમતાં રમતાં મૃત્યુ પામે, કોઈ ચિત્રકાર પીંછી સાથે ચિત્ર દોરતાં–દોરતાં મૃત્યું પામે તો તેના જેવી જીવનની સુ:ખદ ક્ષણ બીજી કઈ હોઈ શકે?

૧૯૮૦માં એસએલવી–૩ ઉપગ્રહ અવકાશમાં મોકલેલો. ૧૯૮૯માં ૨૦૦૦ કિ.મી. સુધી પ્રહાર કરે તેવું અગ્નિ મિસાઈલ અને આનંદ તો માની આંખમાં હર્ષના આંસુ જોયા તે. આ ઉપરાંત હૈદરાબાદમાં પોલિયોગ્રસ્ત બાળકોને માટે તેમણે ૩૦૦ ગ્રામના કેલિપર્સ બનાવ્યા. – આ બધી કલામના જીવનની યાદગાર ક્ષણો હતી.

૨૦૦૨ થી ૨૦૦૭ સુધી રાષ્ટ્રપતિ પદે રહ્યા તે અગાઉ સિવિલિયન સ્પેસ પ્રોગ્રામ અને મિલિટરી મિસાઈલ ડેવલપમેન્ટમાં સક્રિય ભૂમિકાના કારણે કલામે દેશના 'મિસાઈલ મેન'નું બિરુદ મેળવ્યું હતું. તેમણે ડીઆરડીઓ અને ઈસરોમાં વિજ્ઞાની તેમ જ સાયન્સ એડમિનિસ્ટ્રેટર તરીકે કામ કર્યું હતું. ૧૯૯૮માં કેન્દ્રમાં અટલ બિહારી વાજપેયીની સરકાર હતી ત્યારે પોખરણમાં કરાયેલ અણુપરીક્ષણોમાં પણ કલામની ચાવીરૂપ ભૂમિકા રહી હતી. અબ્દુલ કલામે ફિઝિક્સમાં ગ્રેજ્યુએશન કર્યા બાદ એરોનોટિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરેલો. દેશ–પરદેશની વિવિધ ૪૦ યુનિવર્સિટીઓમાંથી તેમને ડોક્ટરેટની માનદ પદવી મળી હતી.

મિસાઈલ મેન અબ્દુલ કલામે ભારતને 'અણુ રાષ્ટ્ર' તરીકેનું બિરુદ અપાવવામાં અતુલ્ય યોગદાન આપ્યું હતું. સવાયા હિન્દુસ્તાની તરીકે ઓળખાવી શકાય તેવા અબ્દુલ કલામે ટેન્ક વિરોધી 'નાગ' મિસાઈલ, 'આકાશ' મિસાઈલ, ઝડપી પ્રહર કરતી ત્રિશૂલ મિસાઈલ તેમ જ મધ્યમ રેન્જની અગ્નિ નામની બેલાસ્ટિક તથા પૃથ્વી મિસાઈલ વિકસાવી આપી. તેમણે ભારતની અનેક યુનિવર્સિટી અને નામાંકિત સંસ્થાઓમાં પ્રોફેસર તરીકે સેવા આપી; જેમાં અમદાવાદ મેનેજમેન્ટ અને ઈન્દોર મેનેજમેન્ટનો સમાવેશ થાય છે.

ડીપાર્ટમેન્ટ ઓફ ઑટોમિક એનર્જી અને ડિફેન્સ રિસર્ચ અન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન–ડીઆરડીઓએ સાથે મળીને સશસ્ત્ર દળોનો સક્રિય સહયોગ મેળવીને અણુઆયુધોના સફળ અખતરાઓ કર્યા હતા. રાજસ્થાનના પોંખરણના રણમાં કરેલો અણુ અખતરો અમેરિકા જેવા દેશને પણ ચોંકાવી ગયો હતો. ભારતના રાષ્ટ્રપતિ બન્યા તે પૂર્વે કલામે ૧૯૬૩ થી ૧૯૮૨ના ૧૯ વર્ષ સુધી ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનમાં સેવા આપી હતી. આત્મવિશ્વાસનો સંચાર કરતા તેમણે આહ્વાન આપ્યું હતું કે ''I can do it, we can do it, India can do it.''

કવિ ગુલઝારે કલામ વિશે એક કવિતામાં લખ્યું છે કે, ''જે નિષ્ફળતાઓ અને મુશ્કેલીઓમાં ઊછરીને વિજ્ઞાની બન્યો. મારી કહાની મારી સાથે ખતમ થઈ જશે, કારણ કે મારી પાસે કોઈ મૂડી નથી. મેં કશું જ હાંસલ કર્યું નથી... જમા નથી કર્યું. મારી પાસે કશું નથી... અન્ય કોઈ નહીં, ન પુત્ર, ન પુત્રી, ન પરિવાર.''

કલામ હંમેશા માનતા કે મારી પાસે કંઈ નથી; પણ કલામ જો હયાત હોત તો જોવત કે, તેમની સાથે તો તેમનો આખો દેશ અને દુનિયા છે. તેમના મૃત્યુથી આખુ ભારત ચોધાર આંસુએ રડી રહ્યું છે.

કલામ વિશે ઉચિત જ કહ્યું છે, ''મિસાઈલ મેન ઈન્ડિયા કે મિસાલ બન ગયે... એક હાથ મેં કુરાન દુજે મેં ગીતા ઓર જુબાં પર ફિઝિક્સ... કમાલ થે કલામ, દમદાર થે કલામ, લાજવાબ થે કલામ, હોનહાર થે કલામ ક્યુંકી નિર્વિવાદ ઓર બેદાગ થે કલામ...''

દિવાન ફરહાનાબાનુ મહેમુદશા
રિસર્ચ સ્કોલર
અનુસ્નાતક ગુજરાતી વિભાગ
સરદાર પટેલ યુનિવર્સિટી

**सपने वो नहीं, जो आप सोते वक्त देखते हैं,**
**सपने वो होते हैं, जो आपको सोने नहीं देते!**
**- ए.पी.जे. अब्दुल कलाम**

# સરદાર પટેલ યુનિવર્સિટી પરિવારનો થયેલો વિસ્તાર...
# આણંદ, ખેડા જીલ્લાની ૩૯ કોલેજોનું જોડાણ

ખેડા જીલ્લાની તમામ અને આણંદ જીલ્લાની જે કોલેજો હાલમાં ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ખાતે જોડાયેલ છે. તે ૩૯ કોલેજોને ગુજરાત સરકાર દ્વારા વિધાન સભામાં વિધેયક પસાર કરાવીને ગુજરાત યુનિવર્સિટીમાંથી ડીએફિલીએટ કરવામાં આવી છે. ને આ રીતે સરદાર પટેલ યુનિવર્સિટીનો કાર્યવિસ્તાર વધ્યો છે. અત્યાર સુધી માત્ર ૮ કિ.મી.ની ત્રિજ્યામાં કાર્યરત સરદાર પટેલ યુનિવર્સિટી આ વિધેયકથી સમગ્ર ચરોતર પંથકને આવરી લેતી યુનિવર્સિટી બની છે. યુનિવર્સિટીના હિરક જયંતીના વર્ષમાં બનેલી આ ઘટના એક ઐતિહાસિક સ્થિત્યંતર છે.

ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે હવે ખેડા જિલ્લાની મહેમદાવાદ, નડીયાદ, કઠલાલ, ખેડા, માતર, ઠાસરા, મહુધા, કપડવંજ, ગળતેશ્વર અને વસો તથા આણંદ જિલ્લાની આંકલાવ, બોરસદ, ખંભાત, પેટલાદ, સોજીત્રા, તારાપુર અને ઉમરેઠ તાલુકાની તમામ કોલેજોમાં સરદાર પટેલ યુનિવર્સિટીમાં સમાવેશ થશે.

સરદાર પટેલ યુનિવર્સિટીના આ વિસ્તારને લીધે આણંદ, ખેડા જિલ્લાની કોલેજોના વિદ્યાર્થીઓને નાના-મોટાં કામો માટે ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ જવું પડે છે એમાં રાહત થશે. એમને હવે પોતાની કોલેજથી નજીક વલ્લભવિદ્યાનગર ખાતે આવવાનું રહેશે. આમ એક સરળતા ઊભી થશે.

સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી હરીશ પાઢ અને સમગ્ર યુનિવર્સિટી પરિવારે ગુજરાત સરકારના આ નિર્ણયને આવકાર્યો છે. ને હવે નવા સંજોગોમાં યુનિવર્સિટી અધ્યયન, અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ ક્ષેત્રે નવાં સોપાનો સર કરશે એવી આશા વ્યક્ત કરી છે.

## Subscribe Today

**Annual**
Students : ₹ 50.00
Others : ₹ 75.00
Institutions : ₹ 200.00

**Life**
Faculty & Staff : ₹ 1000.00
Institutions & Individuals : ₹ 2000.00

Lifetime Subscription in Foreign Exchange:
US $ 200.00 € 150.00 £ 150.00

Contact: Publication Division, Bhaikaka Library
Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* invites news of University's academic institutions, teaching and non-teaching staff, and of students. The news should be sent to *Sheel Shrutam* so as to reach fifteen days before the date of publication.

**Contact:** Param Pathak, IQAC, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.
Email: **sheelshrutam@spuvvn.edu**
Website: **www.spuvvn.edu/academics/publications/**

Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

Sheel Shrutam : A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.